ગામતળ અને સીમતળના વાડાઓ માટેની મુદત લંબાવાઈ

ગાંધીનગર, તા. ૬

રાજ્યના મહેસુલ વિભાગે ગામતળ અને સીમતળના વાડાઓ અંગેની સંહિતામાં સુધારાઓ કરવા માટેની મુદતમાં ૩૧-૧૦-૧૪ સુધીનો વધારો કરવાનો મહત્વનો નિર્ણય કરેલ છે.

મહેસુલ વિભાગે આ અંગે વાસ્તવિક રેકર્ડ આધારિત વિગતો સાથેની સંપૂર્ણ હકીકતોની દરખાસ્તને વિભાગના પરમાર્શમાં રહી અને તૈયાર કરી મોકલવા માટે પણ જણાવી દેવામાં આવ્યું છે. આ દરખાસ્તો સરકારમાં રજુ કરતાં પહેલાં કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીએ પ્રમાણપત્ર પણ આપવાનું રહેશે.

આ પરિપત્રમાં જણાવાયા મુજબ જે કિસ્સામાં કબજાહક્કની રકમ ભરાયેલ નથી તેવા વાડાઓ માટે વધારેમાં વધારે ૧/૨ એકર જગ્યાની મર્યાદામાં જુની નીતિ હેઠળ દર ચો.મી.એ તા. ૨૫-૪-૧૯૮૦ માં જે જોગવાઈ હતી તેના સ્થાને તેમાં ૧૦૦ ટકા વધારો કરીને અને તેથી વિશેષ હોય તો તે પરત્વે સરકાર નાણા વિભાગના પરમાર્શમાં કઈ કિંમત અને કઈ શરતો રાખવી તે નક્કી કરશે.

વાડા સંહિતા હેઠળ વાડાની વ્યાખ્યા એવા ખુલ્લા ઉપયોગની જમીન જેનો ઉપયોગ ખેતીના સાધનો રાખવા, ઢોરઢાંખર બાંધવા, નિરણ રાખવા કે ખેડૂતને તેના ખેતીના કામમાં સગવડતા માટે ઉપયોગમાં લેવાતી હોય તેવી ગામતળ અંદરની કે ગામતળ બહારની સીમની જમીન કે જે ૨૨-૬-૬૮ના ઠરાવ ક્રમાંકઃ જમન-૨૯૬૮-અ તરીકે વાડા સંહિતામાં ગામતળ કે સીમતળ તરીકે વ્યાખ્યામાં સમાવિષ્ટ હોય અને તેને વાડા રજીસ્ટરમાં જુના ગામતળ કે સીમતળના વાડા તરીકે રેકર્ડ ઉપર સક્ષમ અધિકારીએ ઓળખી બતાવેલ હોય.

વાડા સંહિતા હેઠળ જે તે વખતે વાડાની જમીન તરીકે ભાડાપત્રકમાં નોંધાયા હશે અને જેઓ કબજા કિંમત ભરી કબજા હક્ક મેળવી શક્યા નહિ હોય તેમના માટે જ આ કાર્યવાહીની મુદત વધારાઈ છે.

મૂળ રેકર્ડે જેના નામે આવા વાડા નોંધાયેલા હોય તે વ્યક્તિ કે તેમના કાયદેસરના વારસદાર હોય તેવી જ અરજીઓ ધ્યાને લેવાની રહેશે.

વાડા સંહિતા મુજબ ગામતળ અને સીમતળના વાડા અંગે કાર્યવાહી કરવાની આ અંતિમ મુદત રહેશે. ત્યારબાદ બાકી રહેતી જમીનો સરકાર હસ્તક લઈને વાડા રજીસ્ટરમાંથી દૂર કરવાની રહેશે.

સસ્તી વીજળીના નામે સરકારી વેરાઓ થકી લૂંટ ચાલે છે

ગાંધીનગર, તા. ૬

સસ્તી ઊર્જાની ગુલબાંગો પોકારતી ગુજરાતની મોદી સરકાર જ સરકારી વેરાઓનું ભારણ વીજ યુનિટના દર જેટલું જ લાદી પ્રજા સાથે છેતરપીંડી કરવાનું નાટક કરી રહી હોવાનું કોંગીના કાઉન્સીલર પિન્કીબેન પટેલે આજે એક નિવેદનમાં જણાવ્યું હતું.

તેમણે સરકારના વિકાસના દાવા ખોખલા હોવાનું તેમજ પાટનગરમાં જ ગટરોની નિયમિત સફાઈ નહિ થતી હોવાને કારણે રોગચાળાનો ભય ઉભો થયો હોવાનું જણાવ્યું છે.

પિન્કીબેન રજનીકાન્ત પટેલે એક અખબારી યાદીમાં જણાવેલ છે કે, ગાંધીનગરની પ્રજાના માથે ગુજરાત સરકાર દ્વારા બિજબીલમાં ઉઘાડી લૂંટ ચલાવાઈ રહી છે. ગુજરાતના મુખ્યમંત્રી દેશભરમાં અમે ગુજરાતમાં દેશમાં સૌથી સસ્તી વિજળી આપીએ છીએ તેવું કહી પ્રજાને છેતરી રહ્યા છે. ગાંધીનગર શહેરની જનતા એક યુનિટના રૂ. ૩.૫૦ ચુકવે છે. અને તેના ઉપર ગુજરાત સરકાર તથા વિજકંપનીઓ દ્વારા ૬૫ ટકા જેટલો ટેક્ષ ચઢાવવામાં આવે છે જેના હિસાબે યુનિટનો દર રૂપિયા ૫.૫૦ થી વધારે થાય છે. એટલે કે પ્રજાને અંધારામાં રાખીને લુંટ ચલાવવામાં આવી રહી છે. તો પ્રજાએ આ છેતરપીંડી કરવાવાળા લોકોથી સાવધાન થઈ સમજી વિચારીને જવાબ આપવાની જરૂર છે. ગાંધીનગર શહેરના સેક્ટરોમાં ગટરો ઉભરાઈ રહી છે. ચોરીના ધોળા દિવસે બનાવો બની રહ્યા છે, મનપા દ્વારા સફાઈનું કોઈ જ કામ કરવામાં આવી રહ્યું નથી. તેમ છતાં ગુજરાતના મુખ્યમંત્રી દેશભરમાં ગુજરાત નંબર-૧ અને વિકાસના પોકળ દાવાઓ કરી મિડીયા દ્વારા પ્રજાને છેતરી રહ્યા છે. તો આ સમજવાની જરૂર છે.

ગાંધીનગર જિલ્લામાંથી ૬૪૩ જેટલા પોસ્ટર હોર્ડિંગ્સ અને ભીંતસૂત્રો દૂર કરાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં આદર્શ આચારસંહિતાના અમલને લઈ ૬૪૩ જેટલા પોસ્ટર, હોર્ડિંગ્સ અને પેઈન્ટીંગ્સ દૂર કરવામાં આવ્યા છે.

ગઈકાલે ચૂંટણીની જાહેરાત થતાં જ પંચે ૭૨ કલાકમાં આદર્શ આચારસંહિતાના અમલ માટે પોષ્ટર-હોર્ડિંગ્સ અને ભીંતસૂત્રો સહિત વાંધાજનક સાહિત્યો દૂર કરવા માટે આપેલ સૂચના અંતર્ગત જિલ્લામાં તંત્રએ કામગીરીનો આરંભ કરી દીધો છે.

ચૂંટણીની જાહેરાતના પગલે જ હરકતમાં આવેલ તંત્રએ ગાંધીનગર શહેર અને જિલ્લામાં આચારસંહિતાના અમલની કામગીરી માટે કાર્યવાહી હાથ ધરી હતી. આ કામગીરીમાં આજે સવાર સુધીમાં જ ૬૪૩ જેટલા પોષ્ટર હોર્ડિંગ્સ સહિતની બાબતો દૂર કરવામાં આવી છે. જેમાં ૨૧૮ જેટલી વસ્તુઓ ખાનગી મિલ્કતોમાંથી હટાવવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે સરકારી મિલ્કતો પરથી ૭૫ જેટલા લખાણો જે લખાયેલા હતા તે, ૧૦૦ જેટલા પોષ્ટરો અને ૬૨ જેટલા બેનરો દૂર કરવામાં આવ્યા છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દહેગામમાંથી ૧૦૪ જેટલા પોષ્ટર, ગાંધીનગર(દ)માંથી ૩૬, ગાંધીનગર-(ઉ)માંથી ૧૧૨ અને માણસામાંથી ૪૫ તેમજ કલોલમાંથી ૧૨૬ જેટલા પોષ્ટર હોર્ડિંગ્સ બેનર અને ભીંત સૂત્રો દૂર કરવામાં આવ્યા છે.

જિલ્લામાં આદર્શ આચારસંહિતાના અમલ માટે તંત્ર સંપૂર્ણ સજ્જ થઈ ચુક્યુ છે. આ અમલીકરણમાં કોઈ જ કચાશ રાખવામાં આવશે નહિ તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. આ માટે આખી કાર્યયોજના પણ તૈયાર કરવામાં આવી રહી છે. જો કે આચારસંહિતાના ભંગની કોઈ ફરિયાદ ૨૪ કલાકમાં એકેય મળી નથી.

પ્રાંતિજમાં પશુઓ ચોરતી ગેંગ સક્રીય

અનેક ગામોમાં પશુઓની ચોરીની બુમરાડ

પ્રાંતિજ, તા.૬

પ્રાંતિજ તાલુકાના અનેક ગામડાઓમાં છેલ્લા દસેક દિવસથી દૂધાળા પશુઓ ચોરતી ગેંગ સક્રીય થઈ છે. આ સાથે ચીલઝડપ અને નજર ચૂકાવી માલસામાનની ઉઠાંતરી કરતી ગેંગનો પણ આતંક વધી રહ્યો છે ત્યારે પોલીસની કાર્યવાહી સામે અનેક પ્રશ્નાર્થ ઉભા થવા પામયા છે અને પોલીસની ઉલટ તપાસ અને લફડાથી બચવા બીકના માર્યા ફરિયાદ કરવાનું ટાળી રહ્યા છે. પ્રાંતિજ તાલુકાના વદરાડ, બાઈના મુવાડા, બાકલપુર સહિતના ગામડાઓમાં છેલ્લા ઘણા સમયથી રાત્રિ દરમયાન પશુપાલકના દૂધાળા પશુઓની ચોરી કરતી ગેંગ સક્રીય થઈ છે અને અંધારાનો લાભ લઈ જીપ ડાલા કે અન્ય વાહન લઈ ટોળકી ચાલાકીથી પશુઓની ચોરી કરી પલાયન થઈ જાય છે. છેલ્લા ૧૦ દિવસમાં ૩ થી ૪ ભેંસ ચોરીના બનાવો બન્યા છે. આજ પ્રમાણે આસપાસના વિસ્તારમાં પશુઓની ચોરીની બુમાબુમ થવા પામી છે. તો બીજી તરફ શહેરમાં ભરચક વિસ્તારમાં નજર ચૂકવી માલસામાનની ઉઠાંતરી કરતી ગેંગ પણ સક્રીય થવાથી લોકો પરેશાન થઈ રહ્યા છે અને પોલીસની કાર્યવાહી સામે રોષ પ્રગટ કર્યો છે અને રાત્રિ દરમિયાન પેટ્રોલિંગ કરી સત્વરે આ ટોળકીઓને ઝડપી પાડવા નાગરીકોએ માંગ કરી છે.

આઝાદીના ૬૬ વર્ષે મુલોજ નાઘરીની પ્રજા પાકા રોડથી વંચિત

મુલોજ, તા.૬

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મુલોજ-નાઘરીથી ધોલેશ્વર દોલપુરથી ઝાલોદર માર્ગ આઝાદીના ૬૬ વર્ષ બાદ પણ ગ્રાન્ટના અભાવે અને ચુંટાયેલા પ્રતિનિધિઓની બેદરકારીના કારણે આજે પણ મુલોજ નાઘરી ધોલેશ્વર દોલપુર કંપાના બાળકો સ્ત્રીઓ, વૃદ્ધો રોડ ન હોવાના કારણે હેરાન થઈ રહ્યા છે. આ બાબતે મુલોજ ગામના અગ્રણી અને સાબરકાંઠા અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના મંત્રી રમણસિંહ ખાંટ તથા મારૂતિ વિકાસ મંડળના સહમંત્રી વનરાજસિંહ ખાંટે આ માર્ગ માટે વારંવાર રજુઆત કરવા છતાં જે તે સમયના પદાધિકારીઓની ઉદાસીનતાથી તંત્રએ ધ્યાને લીધેલ નથી. બે તાલુકાને જોડતા ૭ કિમી માર્ગને પેવર કરવા સંલગ્ન વિભાગના અધિકારીઓને કેટલીકવાર રજુઆત કરવા છતાં જરુરી જોબ નંબરના અભાવે માર્ગને પાકો કરવાની કામગીરી હાથ ધરી શકાતી નથી.

દોલપુરથી ઝાલોદર માર્ગ પર પેવર કરવા આસપાસના ગ્રામજનો અને દોલપુર કંપાના રહીશોની માંગ ઉઠી છે. ૫ કિ.મી. લાંબા આ માર્ગ બે ગામો અને બે હાઈવે માર્ગને જોડતો હોવા છતાં તંત્રને ધ્યાન ઉપર આવતું નથી. આ બાબતે દોલપુર કંપાના અગ્રણી ગંગારામ પટેલના જણાવ્યા અનુસાર અમલી વર્ષો જુની માંગને અધિકારીઓ કે પદાધિકારીઓ આંખ આડા કાન કરે છે. જો માર્ગને જલદીથી બનાવવામાં ન આવે તો આગામી લોકસભાની ચુંટણીમાં ગ્રામજનો બહિષ્કાર કરવાનું જણાવી રહ્યા છે.

શહેર વસાહત મંડળ અંતિમધામ ખાતેના ૩૭૫ અસ્થિઓ ગંગાના પ્રવાહમાં પધરાવશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના મુક્તિધામ ખાતે દિવંગત આત્માઓના માનમાં દર વર્ષે પ્રાર્થના સભા યોજવામાં આવે છે. ત્યારે તા. ૮ માર્ચ શનિવાર સવારે ૮ થી ૯ દરમિયાન સદ્‌ગતોના માનમાં પ્રાર્થના સભા યોજવામાં આવશે. તેમજ અસ્થિકુંભને હરિદ્વાર ખાતે ગંગાજીના પવિત્ર પ્રવાહમાં વહેવડાવવામાં આવશે.

અંતિમધામ ખાતે કાયમી ધોરણે અસ્થિકુંભ મુકવામાં આવ્યો છે. ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા જાન્યુઆરી-૧૪થી ૮ માર્ચ ૧૪ સુધીના દિવંગતો માટે ૮ માર્ચના રોજ સવારે ૮ થી ૧૦ કલાક સુધી સદ્‌ગતો માટે પ્રાર્થના કરવામાં આવશે. તેમજ પ્રાર્થના બાદ અસ્થિકુંભને હરિદ્વાર માટે પ્રસ્થાન કરાવાવવામાં આવશે.

હરિદ્વાર ખાતે ૩૭૫ ઉપરાંત અસ્થિઓ ગંગાજીના પવિત્ર પ્રવાહમાં વહેંવડાવવામાં આવશે. અસ્થિઓ મહામંડળના મૂક સેવક ઉદયભાઈ ત્રિવેદી અને પરાગ ત્રિવેદી તા. ૮ના રોજ સવારે ૧૦ કલાકે હરિદ્વાર જવા પ્રસ્થાન કરશે. ત્યારે જે લોકો અંતિમધામ ખાતે ઉપસ્થિત ન રહી શક્યા હોય તેવા સ્વજનો ગાંધીનગર રેલવે સ્ટેશન જઈ અંતિમ વિદાય આપી શકશે.

અસ્થિઓ તા. ૧૦ના રોજ હરિદ્વાર ખાતે મંડળ દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા મુજબ બ્રાહ્મણોના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ કરી સદ્‌ગત આત્માઓના અસ્થિ વિસર્જન કરવામાં આવશે. આ પ્રસંગે સદ્‌ગતોના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરવા, સ્નેહીઓ, સગાઓ મિત્રોએ હાજર રહેવા વસાહત મંડળ પ્રમુખ અરૂણભાઈ બુચે જણાવ્યુ છે.



સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાં તાજેતરમાં ગરીબોને આવાસોની ફાળવણી કરવામાં આવી જેમાં વ્હાલા-દવલાની નીતી અખત્યાર થઈ હોવાના આક્ષેપો સાથે તેમજ બાકી રહી ગયેલા ગરીબોને આવાસો ફાળવવા માટે આમ આદમી પાર્ટીએ જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે દેખાવો યોજી કલેક્ટર બંછાનિધિ પાનીને આવેદનપત્ર આપ્યું હતું. લોકસભાની ચૂંટણીઓ જાહેર થતાંની સાથે જ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ભ્રષ્ટાચાર તેમજ પ્રજા લક્ષી કામોમાં વહવટી તંત્રની ઉદાસીનતા ના મુદ્દે આમ આદમી પાર્ટી ભાજપને ચૂંટણીમાં દોરવા માટેનો તખ્તો તૈયાર કરી રહી છે. આમ આદમીના પ્રવકતાએ જણાવ્યું હતું કે સાબરકાંઠા જિલ્લામાં ભ્રષ્ટાચાર એ માજા મુકી છે. લોકોના કામો પ્રત્યે વહીવટી તંત્રની ઉદાસીનતાના કારણે પ્રજા મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. લોકોના સાચા કામો પણ થતાં નથી. હિંમતનગરના આજુ બાજુના વિસ્તારને હુડામાં સમાવેશ કર્યાના એક વર્ષ બાદ પણ કોઈ જ કામગીરી ન થતાં લોકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. વહીવટી તંત્ર સરકારી કાર્યક્રમોમાં જ વ્યસ્ત રહે છે. જેના કારણે ગરીબ અને પછાત વર્ગો સહિત આમ આદમીના કામો ટલ્લે ચઢયા છે ત્યારે આમ આદમી પાર્ટી પ્રજાના કામો પ્રત્યે સેવાતી ઉદાસીનતા અને ભ્રષ્ટાચાર સામે લડત ઉપાડી આવનાર ચૂંટણીમાં ભાજપની નીતિ-રિતીનો પર્દાફાશ કરશે. એક બાજુ ભારતીય કિસાન સંઘ દ્વારા ભ્રષ્ટાચાર મુકત અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે અન બીજી બાજુ આમ આદમી પાર્ટી પણ ભ્રષ્ટાચારના મુદ્દે લડત આપવાની તૈયારી કરી છે ત્યારે ભાજપ માટે મુશ્કેલીમાં વધારો થતો જણાઈ રહ્યો છે.

ધાનેરી ગામે નણદોઈ બન્યો હેવાન : પતિ જેલમાં હોઈ અકલતાનો લાભ લઈ નણદોઈએ ગુજાર્યો બળાત્કાર

દાંતીવાડા, તા.૫

દાંતીવાડા તાલુકાના ધાનેરી ગામે પોતાના બાળકો સાથે પોતાના ઘરે એકલી રહેતી મહિલાની એકલતાનો લાભ લઈ પોતાના જ નણદોઈએ જબરદસ્તી કરી બળાત્કાર ગુજાર્યો હતો જે બાબતે પાંથાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

પોલિસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર દાંતીવાડા તાલુકાના ધાનેરી ગામે રહેતી મહિલાનો પતિ જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે. આજથી અઢી માસ પહેલા પોતાના પતિને પેરોલ પર ઘરે આવવાનું હોવાથી દાંતીવાડા આઉટ પોસ્ટ પોલીસ ચોકી પર જામીન આપવાના હોવાથી તેઓ ગયા હતા. પોલીસ સ્ટેશનનું કામ પતાવી અને ઘરે જવા નીકળ્યા હતા ત્યારે તેમના નણદોઈ અમરતજી અજમલજી ઉગમાંતર (રહે. ગોઢ) જેઓ હાજર હોઈ પોતાના બાઈક પર ઘરે મુકવાનું કહી ધાનેરી તેમના ઘરે મુકવા ગયા હતા ઘરે મહેમાન આવ્યા હોવાથી મહિલા રસોડામાં 'ચા' મુકી કપડા બદલી રહ્યા હતા ત્યારે વાસના ભૂખ્યા નણદોઈ અમરતે મહિલા સાથે જબરદસ્તી કરી બળાત્કાર ગુજાર્યોહતો. આ સમગ્ર ઘટના મહિલાની દીકરી જોઈ જતા હવસખોર અમરતે બંને મા-દીકરીને છરી બતાવી જો કોઈને કહેશો તો જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. સમાજમાં પોતાની બેઈજ્જતી થશે તેની બીકથી મહિલા ચૂપ રહી હતી.

ગાંધીનગર પ્રજાપતિ સમાજનો જીવનસાથી પસંદગીમેળો યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા વિશિષ્ટ જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. બે સેશનમાં પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. છુટાછેડા, વિધવા, વિધુર તથા વિકલાંગ ઉમેદવારો લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધો.-૧૨ ફરજિયાત રાખવામાં આવેલ છે. શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે ફીમાં ૫૦ ટકા રાહત આપવામાં આવશે. મર્યાદિત ઉમેદવારો લેવાના હોવાથી ઉમેદવારોએ વહેલી તકે નામ નોંધાવવું . ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૫મી મે છે. વધુ માહિતી માટે પ્રમુખ પોપટલાલ પ્રજાપતિ મો. ૯૮૨૫૪૫૩૪૮૫, મહામંત્રી જશુભાઈ એ. ઓઝા મો. ૯૪૨૬૭૨૨૨૬૨નો સંપર્ક કરવા વિનંતી છે.

શબ્દાવલી - ૫૩૩૧

૧	૨	૩	■	૪	૫		૬
૭			૮	■		■	
	■	૯		૧૦	■	૧૧	
■	૧૨	■	■	૧૩			■
૧૪		૧૫	■			૧૬	૧૭
૧૮			■	૧૯	૨૦		
૨૧		■	૨૨	■		■	
	■	૨૩				■	■

આડી ચાવી

૧. મુશ્કેલી (૩)
૪. રાવણની બેન જેના નાક-કાન લક્ષ્મણે કાપેલા (૪)
૭. નવોદિત કલાકાર, નયા... (૪)
૯. યુવાની (૩)
૧૧. ઊભુનું વિરોધી... થાય (૨)
૧૩. એક માર્ગ, જે રોડથી એક જ દિશામાં જઇ શકાય એક માર્ગીય (૩)
૧૪. અયોધ્યા (૩)
૧૬. બ્રાહ્મણમાં એક અટક (૨)
૧૮. નવું, એક અભિનેત્રી (૩)
૧૯. ઊંચા કૂળનું, ખાનદાન (૪)
૨૧. સામાન (૨)
૨૩. નાનું તળાવ (૪)

ઊભી ચાવી

૧. ઘણું ખાવાની અકળામણ (૩)
૨. મજા, મોજ (૨)
૩. માંગ (૩)
૫. તરફેણ, બાજુ (૨)
૬. જોડા, જૂતા (૩)
૮. ભગવાન, અલ્લાહ (૨)
૧૦. બહુ ગરમ ના હોય તેવું પાણી (૪)
૧૧. અરજી પત્ર, નિવેદન (૪)
૧૨. જવ અને તલથી કરાતો એક વિધિ (૪)
૧૪. ધારણા, ધારવું (૪)
૧૫. દૌલત (૨)
૧૭. મૃત શરીરમાં પેઠેલ ભૂત (૩)
૨૦. લીંબોળીનું નાનું ઝાડ (૩)
૨૨. સોનાનું વજન (૨)

શબ્દાવલી ૫૩૩૦ના જવાબ

આડી ચાવી :- (૧) મલેરિયા (૩) આશા (૫) આફતાબ (૭) જીગરી (૮) રવેશ (૧૦) બોનવીટા (૧૨) ઓટ (૧૩) પોરગી (૧૪) શમન (૧૬) કણ (૧૭) મંથરા (૧૮) વેદ (૧૯) ફરેબ

ઊભી ચાવી :- (૧) મનોહર (૨) રિક્ત (૩) આફરીન (૪) શાતા (૫) આગબોટ (૬) બટેટા (૯) વેતરણ (૧૧) વીરામ (૧૩) પોકળ (૧૪) શરાફ (૧૫) નસીબ (૧૭) મંદ

હવે કીડની ટ્રાન્સપ્લાન્ટેશન ABO મિસ-મેચ દાતાથી શકય સ્ટર્લિંગ હૉસ્પિટલ, અમદાવાદમાં મિસ-મેચ કીડની ટ્રાન્સપ્લાન્ટને સફળતા

સ્ટર્લિંગ હોસ્પિટલ્સ દ્વારા સફળતાપૂર્વક એક અસામાન્ય કહી શકાય તેવી સર્જરી કરવામાં આવલી છે. જેમાં બી+ ધરાવતા દાતા (માતા)ની કીડની તેના ઓ+ દર્દી (પુત્ર)ને સફળતા પૂર્વક પ્રત્યારોપણ કરવામાં આવી હતી. આ કેસની સફળતા જણાવે છે કે લોહીનું ગ્રુપ મેચ થતું ન હોય તેવી સ્થિતિ હવે ટ્રાન્સપ્લાન્ટમાં અવરોધક બની શકશે નહીં. નવી ABO-ઈનકોમ્પીટીબલ ટ્રાન્સપ્લાન્ટેશ ટેકનિક દ્વારા સ્ટર્લિંગ હોસ્પિટલ્સ, અમદાવાદ ડૉ. પ્રકાશ દરજી અને ડૉ. સોનલ દલાલની નેફ્રોલોજી ટીમ આવું જવલ્લ જ થતી સર્જરી, મિસ-મેચ ડોનરની કીડનીના ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન સફળતાપૂર્વક કરવાનું બહુમાન પ્રાપ્ત કર્યું છે.

જેમને તાજેતરમાં અમેરિકાના જહોન્સ હોપકીન્સ યુનિવર્સિટી હોસ્પિટલમાં ઈનકોમ્પીટીબલ કીડની ટ્રાન્સપ્લાન્ટની ઓબ્ઝર્વરશીપ મળી છે તે ડૉ. પ્રકાશ દરજી જણાવે છે કે, આપણે જે બ્લડ ગુપ સાથએ ઈનકોમ્પીટીબલ હોઈએ તે માટે એન્ટીબોડી ધરાવતા હોઈએ છીએ. આવા ઈનકોમ્પીટીબલ ડોનરની કીડની ખૂબ ઝડપથી અસ્વીકૃત બને છે. જેનું પ્રમાણ ૩૦ ટકા જેટલું હોય છે. પણ જહોન્સ હોપકીન્સ દ્વારા અપનાવાયેલો પ્રોટોકોલ અપનાવતાં તે કીડની કોમ્પીટીબલ કીડની તરીકે સ્વીકૃત બને છે. આ પ્રોટોકોલ મુજબ દર્દીને પ્લાઝમાફએરેસીસ કરવું પડે છે જે હેમો-ડાયાલીસીસ જેવું હોય છે. એન્ટીબોડી ટાઈટરના પ્રમાણમાં પ્લાઝમાફેરેસીસની સંખ્યાનું આયોજન નક્કી થાય છે અને તેનું પ્રમાણ ૧:૧૬થી નીચે લાવવાનું રહે છે. તે પછી ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે છે.

સુરત ડ્રીમ્સ ગોવામાં આયોજિત કરશે 'ઈન્ટરનેશનલ એથનીક વીક ૨૦૧૪'

પ્રતિષ્ઠિત ટેકસટાઈલ પ્રદર્શન- સુરત ડ્રીમ્સ ગોવામાં ૯ અને ૧૦ માર્ચના રોજ પોતાના આઠમાં સંસ્કરણ, ઈન્ટરનેશનલ એથનીક વીક ૨૦૧૪ને રજૂ કરવા જઈ રહી છે. આ ભવ્ય કાર્યક્રમનું ઉદ્‌ઘાટન અભિનેત્રી માધુરી દીક્ષિત તથા જૂહી ચાવલા દ્વારા કરવામાં આવશે. બે દિવસીય કાર્યક્રમમાં દુનિયાભરથી ઘણા પ્રદર્શકો કલા અને વાણિજયનું પ્રદર્શન કરશે. આ ટેકસટાઈલ પ્રદર્શન નિર્માતાઓ અને ખરીદદારો વચ્ચે વ્યાપાર સંબંધ વિકસિત કરવાનો ઉત્કૃષ્ટ અવસર પ્રદાન કરશે. પ્રદર્શનમાં એક હાઈ પ્રોફાઈલ ફેશન શોનું આયોજન પણ કરવામાં આવશે જેમાં ફેશન સમુદાય માંથી ટોચના મૉડલ્સ ભાગ લેશે.

સુરત ડ્રીમ્સના સહ-સંસ્થાપક હિતેશ જૈન, હસીજા ગૃપના મહેન્દ્રભી, વી મનીષ ટેકસટાઈલ્સના હરશુલ શાહ, આસોપાલવના કિરણભાઈ, મૈત્રીના પંકજભી, પદ્માપ્રભુના દીપકભાઈ તથા જેસમીનના હાર્દિકભાઈએ પ્રેસ કોન્ફરન્સ સંબોધિત કરી. દેશભરથી ખરીદદાર પ્રદર્શનને જોવા માટે આવશે, પ્રદર્શનની ટેકસટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોને એક ઉત્તમ મંચ પ્રદાન કરાવશે. એમાં કોઈ શંકા નથી કે ગુજરાત જેને ટેકસટાઈલ ઉદ્યોગ માટે જાણીતું છે. તે સુરત ડ્રીમ્સની આ આવૃત્તિમાં વધુમાં વધુ ૨૦ ટકાનું યોગદાન આપશે. આ ભવ્ય કાર્યક્રમમાં યુએસએ, યૂકે, બાંગ્લાદેશ, દુબઈ, કોલંબોથી ૪૦૦ આંતરરાષ્ટ્રીય ખરીદદાર તથા ભારતમાંથી ૧૦૦ ટોચના નિર્માતા ભાગ લેશે.

૯મીથી બેઠકો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટેની સંભવીત ઉમેદવારોની પેનલ યાદી તૈયાર કરવામાં આવ્યા બાદ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડના સભ્યો અને મુખ્યમંત્રી સાથે મળનારી બેઠકમાં સંભવિત ઉમેદવારોના નામો અંગે પુનઃ વિચારણા કરીને સ્થાનિક રાજકીય પરિસ્થિતિની સમીક્ષા કરીને આખરી પેનલ યાદી તૈયાર કરવામાં આવશે.

આગામી સપ્તાહમાં ભાજપ દ્વારા તમામ ૨૬ લોકસભા બેઠકો માટેના સંભવિત ઉમેદવારોની પેનલ આખરી કરી પ્રદેશ નેતાઓ આ યાદી લઈ દિલ્હી જશે અને ભાજપ મોવડીમંડળને સુપરત કરવામાં આવશે અને ભાજપ મોવડીમંડળ પ્રદેશ નેતાઓ સાથે ચર્ચા કરીને આખરી ઉમેદવારોની પસંદગી કરીને મંજૂરીની મહોર મારશે.

પ્રાપ્ત વિગતો મુજબ ભાજપ દ્વારા એપ્રિલના પ્રથમ સપ્તાહમાં જ ઉમેદવારોના નામો જાહેર કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જે બેઠકો પર માત્ર એક જ નામ છે અને મજબુત બેઠકો છે તેવી બેઠકો પરના ઉમેદવારોના નામ પહેલી યાદીમાં જ જાહેર કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. બીજા તબક્કામાં જે નબળી બેઠકો છે તેવી બેઠકો પરના ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રૈનબસેરાની યોજના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાવવા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવાનો નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત સેક્ટરોમાં ડોર ટુ ડોર કલેક્શન અને શેરી સફાઈ સહીતની કામગીરી ન થતી હોવાનો સૂર પણ ઉઠવા પામ્યો હતો. પાણી-ગટરનો વેરો વસુલવામાં આવે છે, પરંતુ ગટર સફાઈની ફરિયાદોનું નિરાકરણ ન આવતા આમનાગરિકો તોબા પોકારી જાય છે. સ્ટ્રીટલાઈટની મરામત પણ યોગ્ય રીતે થતી નથી. બીજી તરફ ભાવવધારાની માંગ કરવામાં આવી રહી છે. જ્યારે વૃક્ષોની યોગ્ય ટ્રીમીંગ પણ માત્ર વી.આઈ.પી. વિસ્તારમાં જ થતુ હોવાનો રોષ ઠાલવવામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારમાં પણ સફાઈ ઉપરાંત રસ્તા ગટરના બાકી કામો ઝડપભેર હાથ ધરવા રજૂઆત કરવામાં આવી હતી. આ બેઠક દરમિયાન મહામંડળના પ્રતિનિધિ મયુર વ્યાસ, સુધીર દેસાઈ, કીશોર જીકાદરા, એમ.સી. નાયક, હસમુખ ઠાકર તેમજ લતાબેન ચોકસી સહીતના આગેવાનોએ રજૂઆત કરી હતી.

બે નવા બગીચા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુડા વિસ્તારમાં અદ્યતન અને નમૂનારૂપ સોલીડ વસ્ટ મેનેજમેન્ટની વ્યવસ્થા પણ અસરકારક રીતે ઉભી કરવામાં આવી છે.

નગરની જેમ આસપાસના ગુડા વિસ્તારમાં પણ હરિયાળી નિર્માણ કરવા ગુડા દ્વારા વિવિધ ટી.પી. સ્કીમમાં બગીચા બનાવવાનું કામ પણ તબક્કાવાર હાથ ધરવામાં આવશે. આ અન્વયે ગુડા દ્વારા રાયસણ ટી.પી. સ્કીમ નં. ૧૯માં પ્લોટ નં. ૩૯૩ અને ૩૮૧માં બગીચા બનાવવાનું કામ ટૂંકમાં હાથ ધરાશે. આ કામગીરીને અનુલક્ષી તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. બે બગીચાઓના નિર્માણ પાછળ અંદાજિત રૂ. ૭૦ લાખનો ખર્ચ થશે. ઓનલાઈન ટેન્ડર પ્રક્રીયાના અંતે ટૂંકમાં ટેન્ડર આખરી થયા બાદ બગીચાઓના નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવશે.

હાલત કફોડી છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

એએપી સામે ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ નોંધાવવમાં આવી છે.

આ પાર્ટી ગુંડાઓ જેવું કામ કરી રહી છે. ફરિયાદ દાખલ કરવામાં આવ્યા બાદ ડિસ્ટ્રીકટ ઈલેકશન ઓફિસરે એએપી સામે નોટિસ જારી કરી છે. દિલ્હીમાં ભાજપના સમર્થકો સાથે અથડામણ બદલ આ નોટિસ જારી કરાઈ છે. ભાજપના નેતા મીનાક્ષી લેખીએ કહ્યું હતું કે, કેજરીવાલે જાણી જોઈને આ સમાચાર બનાવ્યા છે અને રાજકીય પરંપરા તોડી છે. એએપી ઝાટકણી કાઢતા ભાજપના વરિષ્ઠ નેતા અરુણ જેટલીએ કહ્યું છે કે, એએપી સ્થિર રાજકારણ સામે ખતરો છે. અમે તમામ સ્વચ્છ અને સ્પષ્ટ ચૂંટણી પ્રક્રિયા ઈચ્છીએ છીએ. અમને ખુશી છે કે, એએપીનો ખતરનાક ચહેરો સપાટી ઉપર આવી ગયો છે. ભાજપની રાષ્ટ્રીય ઓફિસની બહાર અથડામણ થયા બાદ એફઆઈઆર દિલ્હી પોલીસે નોંધી હતી. ત્યારપછી એએપીના ૧૪ સભ્યોની ધરપકડ કરાઈ છે. પોલીસે એએપીના દેખાવને સંપૂર્ણપણે ગેરકાયદે ગણાવીને આની ઝાટકણી કાઢી છે. પોલીસે વિડિયોગ્રાફીના તમામ ઘટનાક્રમમાં ચકાસણી કરી છે. વિડિયો ફોટા નિહાળ્યા બાદ અન્યોની પણ ધરપકડ કરવામાં આવશે. એએપીના કાર્યકરોની ગઈકાલે દિલ્હી અને લખનૌમાં પક્ષની ઓફિસની બહાર હિંસક અથડામણ થઈ હતી.

ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ.

ઇ-ટેન્ડર નોટીસ (સુધારો-૧)

જનરલ મેનેજર (પ્રો. ૧) ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમીટેડ (જી.એસ.આર.ડી.સી.) ગ્રાઉન્ડ ફ્લોર, નિર્માણ ભવન, સેક્ટર-૧/એ, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલ કામ માટે ઓનલાઇન ટેન્ડર (પ્રિક્વોલિફીકેશન + ટેકનિકલ બીડ અને પ્રાઇસ બીડ) મંગાવવામાં આવેલ હતા.

ક્રમ	કામનું નામ	અંદાજીત રકમ (રૂ. કરોડમાં)	બાનાની રકમ (રૂ. કરોડમાં)	ટેન્ડર ફી (રૂપિયામાં)	સમયમર્યાદા (માસ)
૧	૨	૩	૪	૫	૬
૧.	વાઇડનીંગ એન્ડ કન્સ્ટ્રકશન ટુ ફોર લેન ઓફ વેરીયસ સ્ટ્રકચર્સ (ઇનકલડીંગ આર.ઓ.બી. મેજર બ્રીજ) એલોંગ સુરત-બારડોલી રોડ	૫૦.૦૦	૦.૫૦	૨૫૦૦૦	૧૮

ટેન્ડરની અગત્યની તારીખોમાં નીચે પ્રમાણે સુધારો કરવામાં આવેલ છે.

Particulars	Date	Time
ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ શરૂ કરવાની તારીખ / સમય	૦૪/૦૩/૨૦૧૪	૧૨:૦૦ કલાકે
પ્રિ-બીડ મીટીંગ (સ્થળ : બોર્ડ રૂમ, ગુ.રા.મા.વિ.નિ.લિ., ગાંધીનગર	૧૧/૦૩/૨૦૧૪	૧૨:૦૦ કલાકે
ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ / સમય	૦૩/૦૪/૨૦૧૪	૧૮:૦૦ કલાક સુધી

ટેન્ડરની અન્ય વિગતો યથાવત રહેશે.

માહિતી/૨૮૬૫/૧૩-૧૪